ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૨૫.૦૩.૨૦૧૯

-----------

# વિજય સંકલ્પ સંમેલન – બારડોલી

-----------

**દેશ બનાવવા અને બચાવવા માટેની આ ચૂંટણી છે. દેશભક્તિ વિરુદ્ધ દેશ વિરોધીઓ વચ્ચેની આ ચૂંટણી છે, આતંકવાદ અને પાકિસ્તાન માટે કોંગ્રેસને પ્રેમ શા માટે ? - શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**પાકિસ્તાનની ભાષા બોલનારી કોંગ્રેસને દેશની જનતા ક્યારેય માફ નહીં કરે**

**આતંકીઓને શ્રદ્ધાંજલિ આપવાના કાર્યક્રમમાં રાહુલ ગાંધી શા માટે હાજરી આપે છે ?**

**- શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**જેમને એકબીજાના મોઢા જોવા ગમતા ન હતા તેવા ચોર ચોરના સરદાર મહાગઠબંધન કરી રહ્યા છે.**

-----------

**યુપીએના ૧૦ વર્ષના શાસન દરમિયાન દેશમાં ચારેબાજુ હતાશા,નિરાશા છવાઈ ગઈ હતી આ તો કેન્દ્રમાં નરેન્દ્રભાઈ આવ્યા પછી દેશમાં નવી આશા જાગી અને "મોદી હૈ તો મુમકીન હૈ"તેવો વિશ્વાસ પ્રજાને થયો**

**- મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

કેન્દ્રની યોજના મુજબ દેશની તમામ લોકસભામાં વિજય સંકલ્પ સંમેલન નું આયોજન કરવામાં આવ્યું છે એ કાર્યક્રમ અંતર્ગત આજ રોજ બારડોલીના બાબેન ગામ ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા વિજય સંકલ્પ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત પાર્ટીના કાર્યકર્તાઓને સંબોધન કરતા રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે બારડોલી એ સરદાર વલ્લભભાઈ પટેલની કર્મભૂમિ છે અને અહીંથી ખેડૂતો માટે જે આંદોલન થયુ હતું એ આંદોલને ફક્ત ભારતમાં નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં એક નવી ક્રાંતિ સર્જી હતી અને એના પગલે જ બ્રિટીશ સલ્તનતને નમવું પડ્યું હતું. નામુમકિનને મુમકિન બનાવવાનું કામ સરદાર પટેલે કર્યું હતું. અને વર્ષો પછી આજે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈના શાસનમાં નામુમકિન મુમકીન બન્યું છે.

કોંગ્રેસના દસ વર્ષના શાસન દરમિયાન થયેલા ભ્રષ્ટાચાર, કૌભાંડ, પૉલિસી પેરાલિસિસ, આતંકવાદ સામે નરમ વલણ, તુષ્ટીકરણની રાજનીતિ, દેશ વિરોધી તત્વોને સમર્થન ના પગલે દેશ હતાશા-નિરાશા માં ધકેલાઈ ગયો હતો ચારેય બાજુ અંધકાર છવાઈ ગયો હતો દેશના લોકોમાં નિરાશા વ્યાપી ગઇ હતી ત્યારે 2014માં શ્રી નરેન્દ્ર મોદીએ આ દેશની ધુરા સંભાળી અને એમના સાડા ચાર વર્ષના લોકાભિમુખ, Nation First અને વિકાસની રાજનીતિ નહીં પરંતુ રાષ્ટ્રનીતિના પગલે દેશની જનતામાં નવી આશા જાગી અને દેશની જનતાને અહેસાસ થયો કે "મોદી હૈ તો મુમકીન હૈ"

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




આતંકવાદ મુદ્દે કોંગ્રેસના નરમ વલણ ની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢતાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું કે કોંગ્રેસના શાસન દરમિયાન મુંબઈની તાજ હોટલ પર હુમલો થયો હતો અને તેમાં દેશના 178 નિર્દોષ લોકોએ પોતાના જાન ગુમાવ્યા હતા તેમ છતાં પણ કોંગ્રેસે પાકિસ્તાન વિરુદ્ધ કે આતંકવાદ વિરુદ્ધ કોઈ પગલાં ભર્યા ન હતા. કોંગ્રેસના શાસનમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બોમ્બ ધડાકા થયા સુરતમાં જીવતા બોમ્બ મળી આવ્યા એ દિવસો દેશની જનતા ભૂલી નથી. "કોંગ્રેસનો હાથ હંમેશા આતંકવાદને સાથ રહ્યો છે" આજે પણ કોંગ્રેસના મણિશંકર ઐયર અને રાહુલ ગાંધીના ગુરુ શામ પિત્રોડા આજે પાકિસ્તાનની ભાષા બોલી રહ્યા છે.પાકિસ્તાનની ભાષા બોલનારાઓને આ દેશની જનતા ક્યારેય માફ નહીં કરે. કોંગ્રેસ અને પાકિસ્તાનની ભાષા હંમેશા એક જ રહી છે.

આતંકીઓને છોડી મુકવા બાબતે સવાલ ઉભા કરનારા કોંગ્રેસીઓ સામે આક્રોશ વ્યક્ત કરતાં રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે અમને સવાલ પૂછનારાઓ એ વાતનો જવાબ આપે કે,

- આતંકવાદી અફઝલ ગુરુના શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં હાજરી આપવા રાહુલ ગાંધી શા માટે ગયા હતા?
- હઝરત બાલમા આતંકીઓને બિરયાની ખવડાવીને કેટલા આતંકીઓને કાશ્મીરની સરહદ પર મૂકી આવ્યા..?
- ગુલાબ નબી આઝાદના પરિવારને બચાવવા માટે કેટલા આતંકવાદીઓને કોંગ્રેસે છોડી મૂક્યા?
- કોંગ્રેસના તત્કાલીન ગૃહ મંત્રી મુફતી મોહમ્મદ સૈયદની દિકરીને બચાવવા માટે કોંગ્રેસે કેટલા આતંકવાદીઓને છોડી મૂક્યા...?
- દિલ્હીના બાટલાહાઉસમાં જે પોલીસ જવાનો શહીદ થઈ ગયા હતા અને એમના વિરોધમાં જે સભા યોજાઇ હતી તેમાં આતંકવાદી તરફી નિવેદનો શા માટે કરવામાં આવ્યા હતા...?

મહાગઠબંધન અંગે રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું કે, જેઓને એકબીજાના મોઢા જોવાના પણ સંબંધ નથી એવા ‘ચોર ચોર કે સરદાર’ અને લૂંટેરા ભેગા થઈને મહાગઠબંધન બનાવી રહ્યા છે, મહાગઠબંધન એ એમની મજબૂરી છે, સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટી અખિલેશ યાદવ અને માયાવતીનો ઈતિહાસથી સૌ કોઈ વાકેફ છે. મુસ્લિમોના મત લેવા માટે બંગાળના મમતા બેનરજીએ દુર્ગાપૂજા અટકાવવાનું મહાપાપ કર્યું છે. વોટબેંકની રાજનીતિ માટે આવું દુષ્કૃત્ય કરનાર મમતા બેનરજીને આ દેશની જનતા ક્યારેય માફ નહીં કરશે. બાંગ્લાદેશી અને ઘૂસણખોરોને ભારતીય જનતા પાર્ટી દેશની બહાર કાઢવા માંગે છે, ત્યારે મમતા બેનરજીએ લોકોનો પક્ષ લઈને ભારતમાં વસાવવા માંગે છે. કોંગ્રેસ, સ.પા, બ.સ.પા, મમતા બેનર્જી, મુફ્તી સૈયદ, શેખ અબ્દુલ્લા, ફારુક અબ્દુલ્લા સહિત તમામ ચોરોની દુકાનો બંધ થઈ ગઈ છે, એટલે તમામ ચોરો અને કાવતરાખોરો ભેગાં થઈને લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીને હટાવવા માંગે છે. આથી જ ચૂંટણી દેશને બચાવવા અને બનાવવા માટેની ચૂંટણી છે. દેશભક્તિ વિરુદ્ધ દેશવિરોધીઓની ચૂંટણી છે. ત્યારે આ લોકસભાની ચૂંટણીમાં દેશ વિરોધીઓને વીણી વીણીને સાફ કરી નાંખવાની આપણી સૌની જવાબદારી છે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૨ તા. ૨૫.૦૩.૨૦૧૯

-----------

**દેશને શ્રી નરેન્દ્રભાઇ મોદીના રૂપમાં એવું વિરાટ વ્યક્તિત્વ મળ્યું છે કે જે જેટલું ઘસાય છે તેટલું વધુ ચમકે છે. શ્રી નરેન્દ્રભાઈએ પોતાનું જીવન દેશની અહર્નિશ સેવા માટે સમર્પિત કર્યુ છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ગરીબોના ઘર-ઘર સુધી વિકાસ યોજનાઓ પહોંચાડી 'અંત્યોદય'ના મંત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કર્યો છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**જવાહરલાલ થી માંડી ઇન્દિરા ગાંધી પછી મનમોહનસિંહ સુધી ગરીબી હટાવોની માત્ર વાતો કરી છે તેમાં કાંઇ ઉકાળ્યું નથી. ચૂંટણી સમયે કોંગ્રેસ ગરીબી હટાવોના માત્ર ગુબ્બારા ઉડાવે છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

દેશનાં લોકપ્રિય વડાપ્રધાન મા.શ્રી. નરેન્દ્રભાઇ મોદીજીના નેતૃત્વમાં અને રાષ્ટ્રીય અધ્યક્ષ મા.શ્રી. અમિતભાઇ શાહના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાષ્ટ્રમાં યોજાઇ રહેલી ભાજપાની જનરેલીઓમાં પ્રચંડ જન સમર્થન પ્રાપ્ત થઇ રહ્યુ છે. ગુજરાતની ૨૬ લોકસભાની સીટો જનતા આશીર્વાદથી જંગી બહુમતી સાથે જીતવા માટે ભા.જ.પા.એ સમગ્ર ગુજરાતમાં "વિજય સંકલ્પ સંમેલનો"નું આયોજન કર્યુ છે. જે અંતર્ગત આજે વડોદરા શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા કારેલીબાગ ખાતે અંબાલાલ પાર્ક ગરબા ગ્રાઉન્ડમાં વિજય સંકલ્પ સંમેલન યોજાયું હતું.

પ્રદેશ પ્રમુખ મા.શ્રી જીતુભાઇ વાઘાણીજીની અધ્યક્ષતામાં યોજાયેલ આ સંમેલનમાં વડોદરા લોકસભા બેઠક ના ઉમેદવાર શ્રીમતી રંજનબેન ભટ્ટ પ્રચંડ બહુમતી થી વિજેતા થાય તે માટે તમામ કાર્યકરોને આહવાન કર્યુ હતું આ સંમેલનમાં પ્રદેશ પ્રમુખ શ્રી જીતુભાઇ વાઘાણીજી એ જણાવ્યું હતું કે સમગ્ર દેશ અને રાજયમાં વડોદરાને ભાજપનો ગઢ ગણવામાં આવે છે. તે વડોદરાના કાર્યકરોના અથાગ પરિશ્રમને આભારી છે. કાર્યકરો થી હોદ્દેદારો ઉજળા છે સંગઠનના જોરે સત્તા ઉભી કરતી આ પાર્ટી છે. વડોદરાનો કોંગ્રેસ ઉમેદવાર ક્યાં છે? શોધવો પડે છે, ભારતને એવું નેતૃત્વ મળ્યું છે કે જે જેટલું ઘસાય છે એટલું વધું ચમકે છે એવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી છે. આ બેઠક ભાજપાના શ્રીમતી રંજનબેન ભટ્ટ જીતી ચુકયા છે અને ગુજરાતની પ્રત્યેક લોકસભાની બેઠક પ્રજાના આશીર્વાદથી ભાજપા જંગી બહુમતીથી જીતશે. દેશની બધી જ બેઠકો પર એક જ નામ શ્રી નરેન્દ્રભાઇ મોદી છે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, જવાહરલાલ થી માંડી ઇન્દિરા ગાંધી પછી મનમોહન સિંહ સુધી ગરીબી હટાવોની માત્ર વાતો કરી છે તેમાં કાંઇ ઉકાળ્યું નથી. ચૂંટણી સમયે કોંગ્રેસ ગરીબી હટાવોના માત્ર ગુબ્બારા ઉડાવે છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ગરીબોના ઘર-ઘર સુધી વિકાસ યોજનાઓ પહોંચાડી 'અંત્યોદય'ના મંત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કર્યો છે. કોંગ્રેસની વોટબેંકની રાજનીતિથી દેશ પાછળ રહી ગયો હતો. દેશનું સૈન્ય આતંકવાદીઓનો સફાયો કરતું હોય ત્યારે કોંગ્રેસ પુરાવા માંગી તેમની દેશવિરોધી માનસિકતા છતી કરે છે. જેમના કણ કણમાં દેશ ભકિત છે તેવાં શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ ૧૯૯૨ માં આતંકવાદીઓની ધમકીઓ વચ્ચે શ્રીનગરના લાલચોકમાં ભારતનો ધ્વજ ફરકાવ્યો હતો. આંતકવાદ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે. આવનારી પેઢી સમગ્ર દુનિયામાં આપણાં દેશને વિશ્વગુરુના સ્થાને પ્રસ્થાપિત કરવાનું પૂણ્યકાર્ય શ્રી નરેન્દ્રભાઇ મોદી જ કરી શકશે.

આ સંમેલનમાં પ્રદેશ મહામંત્રીશ્રી શબ્દશરણભાઇ બ્રહ્મભટ્ટ, પ્રદેશ ઉપપ્રમુખશ્રી ભાર્ગવભાઇ ભટ્ટ, રાજ્ય સરકારનાં મંત્રી શ્રી યોગેશભાઇ પટેલ, શહેર અધ્યક્ષા / સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટ, લોકસભા સીટના પ્રભારી શ્રી જયનારાયણભાઇ વ્યાસ, પ્રદેશ મંત્રી / ડે. મેયર ડો. જીવરાજભાઇ ચૌહાણ, મેયર શ્રી ડો. જીગીષાબેન શેઠ, વડોદરા જીલ્લા પ્રમુખ શ્રી દિલુભા ચુડાસમા, ધારાસભ્ય શ્રી જીતેન્દ્રભાઇ સુખડીયા, શ્રીમતી મનિષાબેન વકીલ, શ્રીમતી સીમાબેન મોહીલે, શ્રી મધુભાઇ શ્રીવાસ્તવ, શ્રી કેતનભાઇ ઇનામદાર, લોકસભા સીટના ઇન્ચાર્જ શ્રી ભૂપેન્દ્રભાઇ લાખાવાલા તથા શહેર ભા.જ.પા. હોદ્દેદરશ્રીઓ કાર્યકરો હાજર રહ્યાં હતાં તેમજ હજારોની સંખ્યામાં વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં થી ભા.જ.પા. ના હોદ્દેદાર, કાર્યકરો અને સમર્થકો હાજર રહ્યાં હતાં. દેશનાં લોકપ્રિય વડાપ્રધાન મા.શ્રી. નરેન્દ્રભાઇ મોદીજીના નેતૃત્વમાં અને રાષ્ટ્રીય અધ્યક્ષ મા.શ્રી. અમિતભાઇ શાહના માર્ગદર્શન હેઠળ દેશમાં ભા.જ.પા. પ્રચંડ બહુમતી મળે તે માટે લોકસભા સીટો પર વિજય સંકલ્પ સંમેલન યોજાઇ રહ્યા છે. ગુજરાતની ૨૬ બેઠકો પર ભા.જ.પા. પ્રચંડ બહુમતી થી તમામ બેઠકો પર વિજયી બને તે માટે દ્રઢ સંકલ્પ સાથે ભારતીય જનતા પાર્ટી દ્વારા વડોદરા માં પણ આ સંમેલન યોજાયું હતું.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા. ૨૫.૦૩.૨૦૧૯

-----------

ગરીબી હટાવોના નારા સાથે કોંગ્રેસે દેશમાં ૫૫ વર્ષ સુધી શાસન કર્યું હતું ત્યારે કોંગ્રેસને ગરીબો યાદ ન હતાં આવ્યાં.
- શ્રી ભરત પંડયા

-----------

લોકસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે શ્રી રાહુલ ગાંધીને ગરીબો યાદ આવ્યાં છે અને છેતરામણી જાહેરાત કરવી પડી છે.

-----------

સ્વ.રાજીવ ગાંધી પોતે પ્રધાનમંત્રી હતાં ત્યારે તેઓ કહેતાં હતાં કે હું એક રૂપિયો મોકલું છું અને ૧૫ પૈસા નીચે સુધી પહોંચે છે.

-----------

દર રૂપિયે ૮૫ પૈસાનો ભ્રષ્ટાચાર કરનાર કોંગ્રેસે લાખો-કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર કર્યા હોવાથી કોઈપણ પોતાની યોજના પૂર્ણ કરી શકી નથી.

-----------

કોંગ્રેસે કર્ણાટક, મધ્ય પ્રદેશ, રાજસ્થાનનાં કેટલાં કિસાનોનાં, કેટલાં રુપિયા દેવા નાબૂદી કરી જાહેર કરે..

-----------

જયારે કોંગ્રેસ માત્રને માત્ર વાયદાઓ કરે છે. તે દેશની અને ગુજરાતની જનતા જાણી ચુકી છે.

-----------

કોંગ્રેસને ખબર છે કે, તે ક્યારેય પુનઃસત્તા ઉપર આવવાની નથી ત્યારે ગરીબોના નામે છેતરામણી જાહેરાતો કરીને “વચને શું કીમ દરિદ્રતા” ની સંસ્કૃત ઉક્તિને યથાર્થ ઠેરવી રહી છે – શ્રી ભરત પંડ્યા

-----------

યુપીએના ૧૦ વર્ષના શાસનમાં આકાશ, પાતાળ અને જમીન ઉપર ૧૦ લાખ કરોડથી વધુનો ભ્રષ્ટાચાર કરનાર કોંગ્રેસ કયા મોઢે ગરીબોની વાત કરે છે ? – શ્રી ભરત પંડ્યા

-----------

‘ભાજપા જે કહે છે તે કરે છે’ “સૌનો સાથ સૌનો વિકાસ” એ ભાજપનું સંકલ્પ સૂત્ર હતુ, છે અને રહેવાનું છે.
– શ્રી ભરત પંડ્યા

-----------

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડ્યાએ કોંગ્રેસની ગરીબો માટેની છેતરામણી જાહેરાત અંગે આકરી પ્રતિક્રિયા વ્યક્ત કરતા જણાવ્યુ હતુ કે, આ દેશમાં આઝાદી પછી ૫૫ વર્ષ સુધી કોંગ્રેસે શાસન કર્યુ, છેક ૧૯૭૧ થી “ગરીબી હટાવો”ના માત્ર નારા સાથે કોંગ્રેસ દેશની પ્રજાને ગેરમાર્ગે દોરતી રહી, ત્યારે ન તો સાચા અર્થમાં ગરીબો યાદ આવ્યા કે ન કોઇ નક્કર યોજનાઓનો ગરીબી નિવારણ માટે અમલમાં મૂકી શકી. હવે જ્યારે કોંગ્રેસને ખબર છે કે, તે ક્યારેય પુનઃસત્તા ઉપર આવવાની નથી ત્યારે ગરીબોના નામે છેતરામણી જાહેરાતો કરીને “વચને શું કીમ દરિદ્રતા” ની સંસ્કૃત ઉક્તિને યથાર્થ ઠેરવી રહી છે. જેમાં દેશની ગરીબ તથા મધ્યમ વર્ગની પ્રજા ક્યારેય ભ્રમિત થવાની નથી.

..૨..

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




૯૦ના દાયકામાં તત્કાલિન કોંગ્રેસના પ્રધાનમંત્રીશ્રી રાજીવ ગાંધીએ કહ્યું હતુ કે, હું કેન્દ્રમાંથી ૧ રૂપિયો મોકલું છું તો માત્ર ૧૫ પૈસા નીચે ગરીબો સુધી પહોંચે છે. આમ, પ્રત્યેક રૂપિયે ૮૫ પૈસાનો ભ્રષ્ટાચાર કરનાર કોંગ્રેસે ગરીબોને સાચા અર્થમાં લાભ પહોંચે તેવી કોઇ યોજનાનો અમલ કર્યો નથી. યુપીએના ૧૦ વર્ષના શાસનમાં આકાશ, પાતાળ અને જમીન ઉપર ૧૦ લાખ કરોડથી વધુનો ભ્રષ્ટાચાર કરનાર કોંગ્રેસ કયા મોઢે ગરીબોની વાત કરે છે ?

તાજેતરમાં મધ્યપ્રદેશ તથા રાજેસ્થાનમાં કિસાનોના દેવાના નાબૂદ કરવાની છેતરામણી જાહરોત કરીને સત્તા પ્રાપ્ત કરનાર કોંગ્રેસે અત્યાર સુધીમાં કેટલા કિસાનોના દેવા માફ કર્યા? તેની સમ્રગ દેશની જનતાને તથા કિસાનોને સત્ય હકિકત સમજાઇ ચૂકી છે. ઘણા કિસ્સાઓમાં કિસાનોના ૧૨ કે ૨૪ રૂપિયા સુધીના દેવા માફ કરીને ત્યાની સ્થાનિક કોંગ્રેસ સરકારોએ કિસાનોની ક્રુર મજાક ઉડાવી છે. કર્ણાટકમાં ખેડુતોના ૪૪ હજાર કરોડના દેવા નાબૂદીની જાહેરાત કરનાર કોંગ્રેસ આજસુધી ૪ હજાર કરોડના દેવા પણ માફ કરી શકી નથી. આ છે કોંગ્રેસની નીતિરીતિ..! કોંગ્રેસના ચાવવાના અને બતાવવાના હંમેશા જુદા રહ્યા છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ ભાજપાની કેન્દ્ર સરકારે વચેટિયાઓની સંપૂર્ણ નાબૂદી કરીને ૩૦ થી વધારીને ૪૩૩ કરતાં વધુ યોજનાઓના સીધેસીધા લાભ ગરીબોના ખાતામાં જમા થાય તે રીતે ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર દ્વારા દેશના ૪ લાખ કરોડથી વધુ નાણાં ગરીબોના હાથમાં પહોંચાડ્યા છે. વિશ્વની સૌથી મોટી હેલ્થ કેર યોજના આયુષ્યમાન યોજના દ્વારા ૫ લાખ રૂપિયાની સ્વાસ્થ્ય સહાય નિશુલ્ક રીતે ઉપલબ્ધ કરાવીને દેશના ૫૦ કરોડથી વધુ ગરીબ તથા મધ્યમ વર્ગના નાગરિકોને સંકટ સમયે એક મોટો સધિયારો સાચા અર્થમાં પૂરો પાડ્યો છે. ૮ કરોડ પરિવારોને શૌચાલયની સૂવિધા, ૬ કરોડ મહિલાઓને ઉજ્જવલા ગેસ યોજના દ્વારા ગેસ કનેક્શન ફાળવીને ચૂલાના ધુમાડામાંથી મુક્ત કરવાનું ભગિરથ કાર્ય હાથ ધરીને, પીએમ કિસાન યોજના દ્વારા ખેડુતોના ખાતામાં ૬ હજાર રૂપિયા સીધેસીધા ટ્રાન્ફર કરીને તથા સમગ્ર દેશમાં અન્ન સુરક્ષા યોજના લાગુ કરીને ગરીબોને ૨ રૂપિયે કિલો ઘઉં તથા ૩ રૂપિયે કિલો ચોખા ઉપલબ્ધ કરાવીને દરિદ્રનારાયણની સાચા અર્થમાં સેવા કરવાનું ઉમદા કાર્ય કર્યુ છે.

મધ્યમ વર્ગના પરિવારોને સાડા ૬ લાખ રૂપિયાની વાર્ષિક આવક સુધી એકપણ રૂપિયાના ઇન્કમટેક્ષ ભરવામાંથી મુક્તિ આપીને તથા છેલ્લા ૫ વર્ષમાં ૨.૫૦ કરોડ આવાસો પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મહિલાઓના નામે અર્પણ કરીને ગરીબ તથા મધ્યમ વર્ગની સાચા અર્થમાં સેવા કરી છે. 'ભાજપા જે કહે છે તે કરે છે' ''સૌનો સાથ સૌનો વિકાસ'' એ ભાજપનું સંકલ્પ સૂત્ર હતુ, છે અને રહેવાનું છે. સત્તા વિહોણી કોંગ્રેસ ગરીબોના નામે જે કોઇ જાહેરાતો કરે તેનાથી દેશની શાણી પ્રજા ક્યારેય ભ્રમિત થવાની નથી તેમ શ્રી ભરત પંડયાએ જણાવ્યુ હતુ.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૪ તા. ૨૫.૦૩.૨૦૧૯

-----------

## "વિજય સંકલ્પ સંમેલન"

-----------

**ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથજી તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણી આવતીકાલે ૨૬ માર્ચે ગાંધીનગર લોકસભાના ઘાટલોડીયા વિસ્તારમાં યોજાનાર "વિજય સંકલ્પ સંમેલન"માં સવિશેષ ઉપસ્થિત રહેશે**

-----------

**મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી હિંમતનગર તથા વંથલી ખાતે યોજાનાર વિજય સંકલ્પ સંમેલનમાં સવિશેષ ઉપસ્થિત રહેશે**

-----------

પ્રદેશ ભાજપા મીડિયા સેલની અખબારી યાદી જણાવે છે કે, આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત આવતીકાલે તારીખ ૨૬ માર્ચના રોજ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથજી તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી ગાંધીનગર લોકસભાના ઘાટલોડિયા વિસ્તારમાં આવેલ પ્રભાતચોક ખાતે સાંજે ૫.૩૦ કલાકે યોજાનાર વિજય સંકલ્પ સંમેલનમાં સવિશેષ ઉપસ્થિત રહી લોકસભા વિસ્તારના કાર્યકર્તાઓને માર્ગદર્શન આપશે.

આવતીકાલે તારીખ ૨૬ માર્ચના રોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી સાબરકાંઠા લોકસભાના હિંમતનગર ખાતે સવારે ૧૦.૦૦ કલાકે તથા પોરબંદર લોકસભા વિસ્તારના વંથલી ખાતે સાંજે ૫.૦૦ કલાકે યોજાનાર વિજય સંકલ્પ સંમેલનમાં સવિશેષ ઉપસ્થિત રહી સ્થાનિક કાર્યકરોને માર્ગદર્શન આપશે.

આ ઉપરાંત માન.મંત્રીશ્રીઓ અને પ્રદેશના હોદ્દેદારશ્રીઓ જે તે લોકસભામાં વિજય સંકલ્પ સંમેલનોમાં ઉપસ્થિત રહી કાર્યકર્તાઓને આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત માર્ગદર્શન આપશે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ